# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પ્રાથમિક પરીક્ષા ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in/** પર ઉપલબ્ધ છે.

<table>
<tr><th>ક્રમ<br>(૧)</th><th colspan="2">જગ્યાનું નામ<br>(૨)</th><th>જાહેરાત ક્રમાંક<br>(૩)</th><th>પ્રાથમિક કસોટી તારીખ અને સમય<br>(૪)</th><th>પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ<br>(૫)</th></tr>
<tr><td>૧</td><td colspan="2">લેકચરર (હોમિયોપેથીક એનાટોમી), વર્ગ-૨</td><td>૬૮/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૨</td><td colspan="2">ફાર્માકોલોજીના ટ્યુટર, વર્ગ-૨</td><td>૧૧૯/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૩</td><td colspan="2">સંયુકત નિયામક, ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ-૧</td><td>૧૦૨/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૪</td><td colspan="2">ઓર્થોડોન્ટીકસ એન્ડ ડેન્ટોફેશીયલ ઓર્થોપિડીકસના પ્રાધ્યાપક, વર્ગ-૧ (ડેન્ટલ)</td><td>૦૫/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૫</td><td colspan="2">પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રીના પ્રાધ્યાપક, વર્ગ-૧ (ડેન્ટલ)</td><td>૦૯/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૬</td><td colspan="2">સાયન્ટીફિક ઓફિસર (બાયોલોજી જૂથ), વર્ગ-૨</td><td>૧૨૪/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૭</td><td rowspan="4">સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક, (ગુ.શિ.સે.) વર્ગ-૨</td><td>ઈતિહાસ</td><td>૮૧/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૮</td><td>અકાઉન્ટન્સી</td><td>૮૫/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૯</td><td>ગણિતશાસ્ત્ર</td><td>૮૭/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
<tr><td>૧૦</td><td>રાજ્યશાસ્ત્ર</td><td>૯૪/૨૦૧૮-૧૯</td><td>૦૧/૦૯/૨૦૧૯<br>સવારે ૧૧:૦૦ થી ૦૨:૦૦</td><td>૨૨/૦૮/૨૦૧૯<br>૧૩:૦૦ કલાકથી</td></tr>
</table>

**નોંધ:- (૧) જાહેરાત ક્રમાંક-૬૮/૨૦૧૮-૧૯, જા.ક્ર-૧૧૯/૨૦૧૮-૧૯, જા.ક્ર-૦૫/૨૦૧૮-૧૯ અને જા.ક્ર-૦૯/૨૦૧૮-૧૯ની પ્રાથમિક કસોટીઓ કોમ્પ્યુટર આધારીત CBRT (Computer Based Recruitment Test) મારફતે લેવામાં આવશે.**

**(૨) CBRT પધ્ધતિ અંગેની જરૂરી સૂચનાઓ / માહિતી આયોગની વેબસાઈટ પર સમયાંતરે જણાવવામાં આવશે. તદ્દનુસાર ઉમેદવારોએ વેબસાઈટની મુલાકાત લઈને અદ્યતન માહિતીથી જાણકાર (update) થવાનું રહેશે.**

**(૩) જા.ક્ર-૬૮/૨૦૧૮-૧૯, જા.ક્ર-૧૧૯/૨૦૧૮-૧૯, જા.ક્ર-૦૫/૨૦૧૮-૧૯ અને જા.ક્ર-૦૯/૨૦૧૮-૧૯ની પ્રાથમિક કસોટીના દિવસે ઉમેદવારોએ પરીક્ષા ખંડમાં સવારે ૧૦:૦૦ કલાકે અચૂક હાજર થવાનું રહેશે.**

ઉપરોકત તમામ ૧૦ જાહેરાતોમાં જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨) **"Call Letter/Form" >> "Preliminary Call Letter"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષાખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષાકેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસ નોંધ:-** પોસ્ટ ઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તારીખ-૨૨/૦૮/૨૦૧૯

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)